GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 3
Special Issue: 1
July: 2025

# 'भारतपारिजातम'મહાકાવ્યમાં રાષ્ટ્રીય મૂલ્યો.

**ભોઈ ગૌરાંગકુમાર વાડીલાલ**
પીએચ.ડી. શોધ છાત્ર,
શ્રી ગોવિંદગુરુ યુનિવર્સિટી,
ગોધરા

## ભૂમિકા

આપણો દેશ ભારત વિવિધ સંસ્કૃતિઓથી સભર અનેક વિવિધતામાં એકતા ધરાવતો બિનસાંપ્રદાયિક દેશ છે. તેમાં અનેક મહાન વિભૂતિઓએ યુગે યુગે અવતરીને આ રાષ્ટ્રધરાને પાવન કરી છે. અનેક મહાન કવિઓએ પણ ભારતભૂમિમાં જન્મ ધારણ કર્યો છે. આપણા આઝાદીના આંદોલનમાં મહાન નેતાઓ કે જેમણે દેશભક્તિના આદર્શો સ્થાપિત કર્યા. આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી આઝાદીના આંદોલનના પ્રમુખ નેતાઓમાંના એક હતા. તેમના જીવનની સુવાસ સમગ્ર દેશ માટે દેશભક્તિનો સંદેશ પ્રગટ કરે છે. મહાત્મા ગાંધીના જીવનને અનેક ગ્રંથોમાં ચિત્રિત કરવામાં આવ્યું છે. જેમાં સંસ્કૃત ભાષામાં પંડિતરાજ ભગવદાચાર્યએ મહાત્મા ગાંધીજીના જીવનને' **भारतपारिजातम्'** મહાકાવ્યમાં ખૂબ જ કુશળતાથી રજૂ કર્યું છે. જેમાં રાષ્ટ્રીય મૂલ્યના રત્નો ભારતના નાગરિકો માટે દેશસેવા–દેશભક્તિની ભાવના સ્થાપિત કરે છે.

'भारतपारिजातम्'માં વૈદિક કાળના ભારતના આદર્શો અને રાષ્ટ્રભક્તિ ઉદાહરણો સાથે વર્તમાન સુધી રાષ્ટ્રપ્રેમના રંગોની ખુબ જ સુંદર રજૂઆત કરવામાં આવી છે. તેમાં રાષ્ટ્રભાવના અને રાષ્ટ્રીય મૂલ્યો સ્પષ્ટ જોઈ શકાય છે.

## સમાનતા અને સમરસતા

સ્વામી ભગવદાચાર્યજી 'भारतपारिजातम्'નાં દ્વિતીયસર્ગમાં શ્ર્લોક નંબર–૨૮ અને ૨૯માં ભગવાન કૃષ્ણના જીવનનો ઉલ્લેખ કરીને ઉત્તમ ઉદાહરણ આપે છે કે અવતારી પુરુષોએ પણ સમાનતા અને સમરસતાના ગુણોને પોતાના જીવનમાં અભિવ્યક્ત કર્યા હતા. આ સમાનતા અને સમરસતાના મૂલ્યો

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 3
Special Issue: 1
July: 2025

રાષ્ટ્રનિર્માણ માટેની પાયાની બાબત છે. આ સમાનતાને સમરસતાનો આદર્શ ભગવદાચાર્યજી ‘भारतपारिजातम्’ મહાકાવ્યમાં કવિ શૈલીમાં પ્રતિકાત્મક રીતે ઉલ્લેખ કરતા લખે છે.

**स्युः कच्चरा वा विमलार्थका वा निर्णिक्तवासः पिहिताङ्गका वा।**

**स्युर्भूरिधूरिश्रितनक्तका वा तेषां समेषां स हरो दयालुः॥**) १) भा.प २/३१

અર્થાત ભલે કોઈ અપવિત્ર હોય, ભલે નિર્મળ મનવાળા હોય, ભલે કોઈ ખૂબ સુંદર કપડાં પહેરેલા હોય, ભલે ધૂળ અને કીચડથી ભરેલા ચીંથરાં જ કોઈએ પહેર્યા હોય, ભગવાન શિવજી સૌ પર દયાભાવ રાખે છે.

**અસ્પૃશ્યતા નિવારણ.**

‘भारतपारिजातम्’ મહાકાવ્યમાં મહાત્મા ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણ માટે અનેકો પ્રયત્ન કર્યા તેનો સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળે છે રાષ્ટ્રના પતન થવા પાછળ જાતિભેદ, રંગભેદ, સંપ્રદાયભેદ, ધર્મભેદ ,ભાષાભેદ વગેરે દુષણો જવાબદાર હોય છે. સર્વને સમાન ભાવનાથી જોવામાં આવે તો જ અખંડિત ભારતનું નિર્માણ થઈ શકે એનો સ્પષ્ટ ઉલ્લેખ‘ भारतपारिजातम्’માં સ્પષ્ટ જોઈ શકાય છે.

**ये ब्राह्मणा ये च भुजाधिजाता ये चोरुजाता अपि येऽङ्घ्रिजाता।**

**ये चातिशूद्रा विविधापराधाः सर्वान्हरो वीक्षत एकदृष्टया॥ )२) भा.प २/३२**

અર્થાત બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અને અતિશૂદ્ર તેમજ અનેક અપરાધ કરનારાઓને પણ શ્રી શંકરજી એકસમાન દ્રષ્ટિથી જુએ છે.

**બિનસાંપ્રદાયિકતા.**

રાષ્ટ્ર નિર્માણનું અનિવાર્ય મૂલ્ય બિનસાંપ્રદાયિકતા છે. ભાષા, જ્ઞાતિ, ધર્મ, પ્રાંત, બોલી, સંસ્કૃતિ ભારતમાં વૈવિધ્યતાનું સૌંદર્ય છત્તું કરે છે પરંતુ વૈવિધ્યતાનાં સૌંદર્યથી રાષ્ટ્રને ખંડોમાં વિભાજીત ન કરવું જોઈએ. વિવિધતામાં પણ એકતા– બિનસાંપ્રદાયિકતાનો મહાન ગુણ લોકશાહીરાષ્ટ્રનો પાયા છે. ‘भारतपारिजातम्’માં વૈદિક મર્યાદાના ચાર વર્ણોનો ઉલ્લેખ કરી બિનસાંપ્રદાયિકતાનો સંદેશ રજૂ કરતા લખે છે.

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 3
Special Issue: 1
July: 2025

**नानाऽपराधं हरिमन्दिरेषु येषां प्रवेशः प्रतिषिद्ध आसीत् ।**

**तेषां ममौ हर्षभरो न चितं संचिन्त्य सर्वोद्धृतिकृत्प्रसूतिम् ॥ )३) भा.प २/२८**

અર્થાત જે લોકોને કોઈ અપરાધ વિના જ ભગવાનના મંદિરમાં જવું નિષેધ હતું, તેમણે જ્યારે વિચાર્યું કે સૌના ઉદ્ધાર કરનાર મહાપુરુષનો જન્મ થઈ રહ્યો છે, ત્યારે તેમનો આનંદ તેમના મનમાં સમાયો નહીં.

**स द्वारकाधीश उपत्य पूजा योऽगात्प्रसादं खलु चार्मकारीम् ।**

**श्रीरामचन्द्रः शबरीश्वरोऽपि मायामयोऽमाय इयाय हर्षम् ॥ )४) भा.प २/२९**

અર્થાત જે કૃષ્ણજી ચમારની પૂજા સ્વીકારીને પ્રસન્ન થયા હતા અને જે રામજી ભીલણી શબરીના સ્વામી બન્યા, માયાથી પરે હોવા છતાં પણ માયામય આ બંને હર્ષને પામ્યા.

**આધ્યાત્મિકતા.**

‘भारतपारिजातम् ’વાસ્તવમાં રાષ્ટ્રભક્તિનું દર્શન કરાવતું મહાકાવ્ય છે. ભારતીય સંસ્કૃતિનો મુખ્ય ગુણ આધ્યાત્મિકતા છે. આધ્યાત્મિકતા જે વ્યક્તિ વ્યક્તિ વચ્ચે પ્રેમ પ્રગટ કરે છે, જે ‘वसुधैव कुटुम्बकम् ’નો સંદેશ આપે છે, જે ‘सहनाववतु ’નો આદર્શ આપે છે ,જે “संगच्छध्वं संवदध्वं सं वो मनांसि जानताम् ,देवा भागं यथा पूर्वे सञ्ज्ञानाना उपासते |” નો મહાન સંદેશ આપે છે. જે ખરા અર્થમાં રાષ્ટ્ર નિર્માણનું અંગભૂત બીજ છે.

ઉત્તમ કવિ પ્રતિકાત્મક રીતે આદર્શોને કવિતામાં ઉલ્લેખિત કરે છે. દરેક તત્ત્વમાં બ્રહ્મતત્ત્વને જોવાની દૃષ્ટિ માનવ એકતા માટે મહત્ત્વની બને છે. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિએ ન્યાયે રાષ્ટ્રના નાગરિકોમાં આધ્યાત્મિકતા હોય તો આપોઆપ રાષ્ટ્રપ્રેમ જન્મે એ સ્વાભાવિક છે. ભગવદાચાર્યજીએ આધ્યાત્મિકતાના મૂલ્યોને સમગ્‘ भारतपारिजातम्’ માં આચ્છાદિત કરીને આધ્યાત્મિકતા અને રાષ્ટ્રભક્તિનો સેતુ–ઐક્ય સ્થાપિત કર્યું છે.

अनारत तत जगहुरुण्यति प्रभारते भारतमेदिगतले ।

स काठियावाड उदारसंग्रहो विराजने ख्यातयशाः प्रदेशकः॥) ५) भा.प १/१३

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 3
Special Issue: 1
July: 2025

**शिक्षा–કેળવણી**

ભારતને ગુલામીની જંજીરોમાંથી મુક્ત કરવા માટે એક અને એક માત્ર સાધન તરીકે કેળવણીને મૂકી શકાય એમ છે ત્યારે સ્વામીશ્રી ભગવદાચાર્યજીએ મહાત્મા ગાંધીના ચરિત્રમાં કેળવણીને રાષ્ટ્ર નિર્માણના અનોખા સાધન તરીકે ચિત્રિત કરી છે. કેળવણી મુક્તિનો દ્વાર છે જેના દ્વારા જાગૃતિ અને નવજાગૃતિના પરમગુણો ખિલાવી શકાય છે. भारतपारिजातम् ના દ્વિતીય સર્ગના ૧૬ માં શ્ર્લોકમાં મહાત્મા ગાંધીજીના કેળવણી તરફના પ્રેમને અને પુસ્તકો તરફના પ્રેમને સ્વામીશ્રી ભગવદાચાર્યજીએ ખૂબ સુંદર રીતે આલેખિત કર્યો છે.

**ઉપસંહાર**

આ ઉપરોક્ત વૈદિક મર્યાદા બ્રહ્મચર્ય ,વ્યસનમુક્તિ, માતૃ–પિતૃ ભક્તિ, ભાષાગત એકતા, વિવિધતામાં એકતા, આત્મિયતા, સંસ્કૃતિ રક્ષણ–સંવર્ધન, રાષ્ટ્રભક્તિ, ચરિત્ર નિર્માણ, સર્વજન કલ્યાણના ઉત્તમ મૂલ્ય‘ भारतपारिजातम्’માં જોવા મળે છે. જે વાસ્તવમાં રાષ્ટ્રના હિતકારક રાષ્ટ્રીય મૂલ્ય છે એમ કહેવામાં કશું અતિશયોક્તિ નથી.

**સંદર્ભો**

૧) भारतपारिजातम् २/3१

૨) भारतपारिजातम् २/3२

3) भारतपारिजातम् २/२८

૪) भारतपारिजातम् २/२९

૫) भारतपारिजातम् १/१3

**સંદર્ભ ગ્રંથો**

भारतपारिजातम् परमहंस परिव्राजक स्वामी
भगवदचार्य, ज्योतिष प्रकाश प्रेस,

GYANBODH
ISSN:3048-9792
Volume: 2
Issue: 3
Special Issue: 1
July: 2025

| | |
|---|---|
| | बनारस सिटी, २०/०७/१९६९ |
| महात्मविजय | श्री व्यास राज शास्त्री<br>स्कालर प्रेस, बालघाट 3<br>दक्षिण भारत -१९४९ |
| स्वराज्य विजय | पण्डिता क्षमाराव,<br>प्रकाशन लीलाराव दयाल -,<br>३७, न्यू मरीन लाइन्स<br>मुम्बापुरी-१ प्रथमावृत्ति -१९६२ |